Gujarat Samachar

EDI

June 21, 2015
Page No. 6

ગુજરાત

**EDI ખાતે આંત્રપિરન્યોરશિપ પર ડૉ.કલામનુ વકતવ્ય**

# ભારતમાં વધી રહેલી બેરોજગારી સામાજિક અસ્થિરતા ઉભી કરશે

અમદાવાદ,શનિવાર

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે આજે આશ્રય ઈન્ક્યુબેશન સેન્ટરનું ઉદઘાટન કરવા આવેલા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.અબ્દુલ કલામે જણાવ્યુ હતું કે શૈક્ષણિક દર વધવા સાથે  ભારતમાં વર્ષને વર્ષે ગ્રેજ્યુએટસ વધી રહ્યા છે પરંતુ તેની સામે આ લાખ્ખો યુવાન ગ્રેજ્યુએટસને નોકરીમાં સમાવી લેવાની હજુ પણ ભારત પાસે કોઈ ચોક્કસ પદ્ધતિ નથી ત્યારે આ પરિસ્થિતિ ભારતના સામાજિક માળખામાં અસ્થિરતા ઉભી કરશે.

## આજે દુનિયા પર્યાવરણ,લોકો,અર્થતંત્ર અને વિચારોના માધ્યમથી ત્વરીત રીતે જોડાયેલી છે

ડૉ.કલામે એમ્પાવરિંગ એજ્યુકેશન વિથ આંત્રપ્રિન્યોરશિપ ગોલ વિષય પર પોતાનું વકતવ્ય આપતા જણાવ્યુ હતું કે ભારતમાં હાલ દર વર્ષે ૩ મિલિયન ગ્રેજ્યુએટસ બહાર પડી રહ્યા છે અને ૭ મિલિયનથી વધુ ધો.૧૨ના વિદ્યાર્થીઓ પાસ થાય છે અને રોજગારીની શોધતા હોય છે ત્યારે ભારતના આ તમામ કરોડો યુવાનોને નોકરીમાં સમાવી લેવા માટે હજુ પણ ભારત કોઈ નિશ્ચિત એમ્પ્લોયમેન્ટ જનરેશન સીસ્ટમ નથી.જેથી આપણે એવા એજ્યુકેશનની જરૂર છે જે ખાસ રોજગારીની તકો ઉભી કરે. તેઓએ વધુમાં કહ્યું કે ભારતના ઈકોનોમિક ડેવલપમેન્ટ માટે આંત્રપ્રિન્યોરશિપને વેગ આપવો ખૂબ જરૂરી છે.સ્કૂલો,યુનિવર્સિટીઓ અને કોલેજોમાં કોર્સમાં જ આંત્રપ્રિન્યોરશિપ વિષયને જો દાખલ કરી દેવામા આવે તો વિદ્યાર્થી કોર્સ પુરો કર્યા પહેલા જ પોતાના ભણતર અને હુનર સમન્વયથી કઈ રીતે પોતાની રીતે રોજગારી ઉભી કરવી તે શીખી જશે.આ ઉપરાંત બેંકો પણ પ્રોએકટિવ બને અને વધુને વધુ ફંડ તથા નાણાકીય સહાય સાથે ગામડાઓમાં યુવાનોને આંત્રપ્રિન્યોરશિપ માટે મદદ કરે. ડૉ.કલામે ગ્લોબલ વૈશ્વિક અભિવ્યક્તિના નિર્દેશન અંગે જણાવ્યું કે દુનિયા આજે પર્યાવરણ, લોકો,અર્થતંત્ર અને વિચારો એમ ચાર ત્વરીત જોડાણોના માધ્યમથી અતુટ રીતે જોડાયેલી છે ત્યારે દુનિયાએ આ ચાર માધ્યમથી વૈશ્વિક સસમસ્યાઓને એક થઈને સામનો કરવો પડશે.